રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવ બાદ નિમણૂંક પામેલ શિક્ષણ સહાયકો, વહિવટી સહાયકો અને સાથી સહાયકોની પાંચ વર્ષની ફિક્સ વેતનથી બજાવેલ સેવાઓ બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૯/૧૩૪૬/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૭/૧૦/૨૦૨૨.

**વંચાણે લીધા:-**

**(૧)** શિક્ષણ વિભાગનો તા.૦૨/૦૭/૧૯૯૯નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૯/૭૪૧(૨)/ગ.

**(૨)** નાણા વિભાગનો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧.

**(૩)** શિક્ષણ વિભાગનો તા.૦૮/03/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: પીઆરઈ૧૧૨૦૧૭/સીંગલફાઈલ-૫/ક.

**(૪)** કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તા.૦૭/૦૯/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અનદ-૧/ ઘ/ માધ્ય/ ૨૦૧૯/૨૫૮૧૧.

**આમુખ:-**

વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની પાંચ વર્ષ સુધી ઉચ્ચક માનદ વેતનથી ભરતી કરવા તથા પાંચ વર્ષ સુધી સંતોષકારક કામગીરી બાદ છઠ્ઠા વર્ષથી મળવાપાત્ર પગારધોરણના લાભો આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના ઠરાવથી રાજ્ય સરકારની વર્ગ-૩ અને વર્ગ-૪ની તમામ સંવર્ગોની જગ્યાઓ ઉપરની સીધી ભરતીની નિમણૂંકો પાંચ વર્ષના સમયગાળા માટે ફિક્સ પગારના અજમાયશી તરીક કરવાનું ઠરાવવામાં આવેલ છે.

વિભાગના તા.૦૮/03/૨૦૧૯ના વંચાણે લીધા ક્રમાંક(3) સામેના ઠરાવથી જીલ્લા શિક્ષણ સમિતિઓ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓના વિદ્યા સહાયકોની પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવા જોગવાઈ કરેલ છે.

કમિશ્નરશ્રી શાળાઓની કચેરીએ તા.૦૭/૦૯/૨૦૧૯ના વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના પત્રથી વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવ બાદ ફિક્સ પગારથી નિમણૂંક પામેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહિવટી સહાયકો, સાથી સહાયકોની પાંચ વર્ષની ફિક્સ વેતનની

સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવ બાદ નિમણૂંક પામેલ શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકને તેઓની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ સમયે નિવૃત્તિ વિષયક લાભો માટે સેવા તરીકે નીચેની શરતોને આધીન તા.૦૧/૦૪/૨૦૧૯ની અસરથી ગણવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આવી ફિક્સ પગારની નોકરીનો સમયગાળો બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગારધોરણ અને નિવૃત્તિ સમયે મળવાપાત્ર નિવૃત્તિ વિષયક લાભોની ગણતરી માટે જ ધ્યાને લેવામાં આવશે.

(૨) આ ફિક્સ પગારની સેવા ધ્યાને લેવાને કારણે પગારબાંધણી થતાં નક્કી થતાં પગારનો તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સંપૂર્ણ સમયગાળા સુધીનો કોઇપણ તફાવત [એરીયર્સ] રોકડમાં કે અન્ય કોઈપણ રીતે ચૂકવવાપાત્ર થશે નહીં. અર્થાત તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળા માટે આ ગણતરી માત્ર નોશનલ કરવાની રહેશે તેમજ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળાનું કોઈ એરીયર્સ મળવાપાત્ર થશે નહીં.

(૩) આ ફિક્સ પગારની સેવાના સમયગાળા માટે કોઈપણ પ્રકારના ઇજાફા ગણતરીમાં, નોશનલના હેતુ માટે પણ, ધ્યાને લેવાના રહેશે નહીં.

(૪) જે કર્મચારીઓને હાલની તારીખે જુની પેન્શન યોજના લાગુ પડે છે તેઓને જુની પેન્શન યોજના લાગુ પડશે. જે કર્મચારીઓ નવી પેન્શન યોજનામાં જોડાયેલ છે તેઓને નવી પેન્શન યોજના જ લાગુ પડશે. અર્થાત ફિક્સ પગારની નોકરીનો સમયગાળો ધ્યાને લેવાના કારણે તેઓને હાલમાં લાગુ પડેલ પેન્શન યોજનામાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૩/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

**નકલ રવાના:-**

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. **(પત્ર દ્વારા)**
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- ❖ તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફતે)
- ❖ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- ❖ પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- ❖ સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ ઓનલાઇન અપલોડ કરવા સારૂ.
- ❖ ના.સે.અ સિલેક્ટ ફાઈલ.
- ❖ સિલેક્ટ ફાઈલ.

ક્રમાંક/ઘ/માધ્ય/સમય-૨/૨૦૨૨/૧૮૫૭૦-૬૦૬
કમિશ્નરશ્રી, મ.ભો. અને શાળાઓની કચેરી
બ્લૉક નં. ૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર. તા.૦૭/૧૦/૨૦૨૨

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ.

રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૯૯ ના ઠરાવ બાદ નિમણૂંક પામેલ શિક્ષણ સહાયક, વહીવટી સહાયક, અને સાથી સહાયકોને પાંચ વર્ષની ફિક્સ વેતનથી બજાવેલ સેવાઓ બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માન્ય ગણવા અંગે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૮/૧૩૭૬/ગ તા. ૦૭/૧૦/૨૨ ની નકલ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર

સવિનય નકલ રવાના -

- સંયુક્ત શિક્ષણ નિયામક, 10+2, સદર કચેરી,
- સંયુક્ત નિયામક (વિ.આ.), સદર કચેરી
- જનરલ મેનેજરશ્રી, ઈન્ડેક્ષ-બી, ગાંધીનગર